તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 02-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

---

- ✓ સ્વચ્છ ભારત મિશનના 10 વર્ષ પૂર્ણ થતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સ્વચ્છ ભારત સર્જવા માટે સતત પ્રયત્નો જરૂરી
- ✓ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 155મી જન્મજયંતી નિમીત્તે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ બાપુને પુષ્પાંજલી અર્પી
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઝારખંડને 83 હજાર કરોડથી વધુની વિવિધ પરિયોજનાઓની ભેટ આપશે
- ✓ બિહારમાં પૂરની સ્થિતિ વધુ વણસી..16 જીલ્લાઓના બાર લાખ લોકો પૂરને કારણે અસરગ્રસ્ત બન્યાં
- ✓ આવતીકાલથી શાહજાહમાં નવમા મહિલા ટી-20 ક્રિકેટ વિશ્વકપનો આરંભ થશે ..ભારત માટે કપ જીતવાનો સોનેરી અવસર

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *REV. PM-SWACHHATA HI SEVA*-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સ્વચ્છ ભારત સર્જવા માટે સતત પ્રયત્નો જરૂરી છે...નવી દિલ્હીમાં આજે સ્વચ્છ ભારત મિશનના 10 વર્ષ પૂર્ણ થતાં સ્વચ્છતા હી સેવા 2024 કાર્યક્રમને સંબોધતા, શ્રી મોદીએ સ્વચ્છતાને જન આંદોલન બનાવવા માટે 140 કરોડ ભારતીયોની અતૂટ ભાવનાને સલામ કરી હતી.

(બાઇટ પી.એમ.)

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દરેક વ્યક્તિએ સ્વચ્છ ભારત મિશનની સફળતામાં ફાળો આપ્યો છે. તેમણે જણાવ્યું કે આજે વિશ્વના વિવિધ ભાગોમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનમાં અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ, મંત્રીઓ અને અન્ય પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે સેવા પખવાડિયાના માત્ર 15 દિવસમાં દેશમાં 27 લાખથી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 28 કરોડથી વધુ લોકોએ ભાગ લીધો હતો. તેમણે કહ્યું કે આ દિવસ આપણને મહાત્મા ગાંધી અને દેશની અન્ય મહાન હસ્તીઓ દ્વારા પરિકલ્પિત ભારતના સપનાને સાકાર કરવાની પ્રેરણા આપે છે. શ્રી મોદીએ સ્વચ્છ ભારત મિશનની સફળતામાં તમામ દેશવાસીઓ, સ્વચ્છતા કાર્યકરો, ધાર્મિક નેતાઓ, રમતવીરો, સેલિબ્રિટીઓ, એનજીઓ અને મીડિયા કર્મચારીઓના યોગદાનની પ્રશંસા કરી હતી.

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું કે આજે 10 હજાર કરોડ રૂપિયાના સ્વચ્છતા પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આજથી 1000 વર્ષ પછી પણ જ્યારે 21મી સદીના ભારતનો અભ્યાસ કરવામાં આવશે ત્યારે સ્વચ્છ ભારત અભિયાન ચોક્કસપણે યાદ કરવામાં આવશે.

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્વચ્છ ભારત મિશન આ સદીનું વિશ્વનું સૌથી મોટું અને સૌથી સફળ લોકોની-ભાગીદારી, લોકોની આગેવાની હેઠળનું જન આંદોલન છે.  આ અવસરે પ્રધાનમંત્રી સ્વચ્છતા અને સ્વચ્છતા સંબંધિત 9 હજાર 600 કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ યોજનાઓનું લોકાર્પણ કર્યું.

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *RIYADH-SWACHCHTA ABHIYAN*

સાઉદી અરબીયાના રિયાધના ભારતીય દૂતાવાસ ખાતે સ્વચ્છતા હી સેવા અંતર્ગત સ્વચ્છતા અને સેનિટેશન આયોજનમાં દૂતવાસના તમામ કર્મચારી અને અધિકારી જોડાય હતા.

સ્વચ્છ ભારત મિશનના ભાગરૂપે 17 મી સપ્ટેમ્બર થી 2 જી ઓકટોબર સુધી આ સ્વચ્છતા અભિયાનમાં સ્વચ્છતા કાર્ય કરાશે

આ ઉપરાંત એક પેડ માં કે નામ અંતર્ગત 1500 વૃક્ષો વાવી પર્યાવરણ માટે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. સાથોસાથ આ  અભિયાન માટે એક આકર્ષક સેલ્ફી પોઈન્ટ બનાવામાં આવ્યો હતો જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. લોકોએ ઉત્સાહભેર આ આયોજનમાં ભાગ લીધો હતો અને સ્વચ્છતા માટેના શપથ લીધા હતા.

દૂતાવાસ દ્વારા ઘરે ઘરે જઈને સફાઇ અને હાયજીન માટેનો સંદેશ પહોચાડ્યો હતો. ભારતીય સંઘે રિયાધની કમ્યુનિટિ શાળામાં સ્વચ્છતા અંગે જાણકારી આપવાની સાથે સ્વચ્છતા ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *GANDHI JAYANTI*

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની 155મી જન્મજયંતિ પર રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બાપુને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. તેમના સંદેશમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ લોકોને સત્ય, અહિંસા, પ્રેમ અને શુદ્ધતાના મૂલ્યો અને મહાત્મા ગાંધીના સપનાના ભારતના વિચાર સાથે આત્મસાત કરવાનો સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું. રાષ્ટ્રપતિએ લોકોને દેશ અને સમાજના વિકાસને સતત આગળ વધારવા માટે પ્રયાસ કરવા પણ આહ્વાન કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિએ પણ રાજઘાટ ખાતે બાપુને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, સત્ય, સમરસતા અને સમાનતા પર આધારિત બાપુનું જીવન અને આદર્શો દેશવાસીઓ માટે હંમેશા પ્રેરણા બની રહેશે.

દેશભરમાં અને વિદેશમાં ભારતીય મિશનો દ્વારા શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રાષ્ટ્ર આજે પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીને તેમની 120મી જન્મજયંતિ પર યાદ કરી રહ્યું છે.

પૂર્વ પ્રધાનમંત્રીને શ્રદ્ધાંજલિ આપતાં મોદીએ કહ્યું કે, લાલ બહાદુર શાસ્ત્રીએ પોતાનું જીવન દેશના સૈનિકો, ખેડૂતો અને સ્વાભિમાન માટે સમર્પિત કર્યું હતું.

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PM - HAZARIBAGH*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઝારખંડના હજારીબાગની મુલાકાત લેશે. તે દરમિયાન 83 હજાર 300 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના વિવિધ પ્રોજેક્ટનો શિલાન્યાસ, લોકાર્પણ અને ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ્સમાં 79 હજાર 150 કરોડ રૂપિયાથી વધુના કુલ ખર્ચ સાથે ધરતી આબા જનજાતિ ગ્રામ ઉત્કર્ષ અભિયાન અને પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (PM-જનમન) હેઠળ બહુવિધ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી 40 એકલવ્ય શાળાઓનું ઉદ્ઘાટન પણ કરશે અને 25 એકલવ્ય શાળાઓનો શિલાન્યાસ કરશે. આ કાર્યક્રમ વિનોબા ભાબે યુનિવર્સિટીના કેમ્પસમાં શરૂ કરવામાં આવશે.

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *JAISHANKAR---CONFLICT*

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે ભારત પશ્ચિમ એશિયામાં વધી રહેલા સંઘર્ષને લઈને ચિંતિત છે. અમેરિકામાં કારનેજી  એન્ડોવમેન્ટ ખાતે વાતચીત દરમિયાન ડૉ. જયશંકરે ગયા વર્ષે ઈઝરાયેલ પર થયેલા હુમલાને આતંકવાદી હુમલો ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે કોઈપણ દેશે જવાબી કાર્યવાહી કરતી વખતે આંતરરાષ્ટ્રીય માનવાધિકાર કાયદાનું પાલન કરવું જોઈએ. રશિયા-યુક્રેન સંઘર્ષમાં ભારતની ભૂમિકા અંગે ડૉ. જયશંકરે કહ્યું કે  ભારત બંને પક્ષો વચ્ચે વાતચીત દ્વારા સંઘર્ષ ઉકેલવાના પ્રયાસો કરી રહ્યું છે. તેમણે કહ્યું કે પડોશીઓ સાથે ભારતના સંબંધો વધુ મજબૂત  બન્યા છે.

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *BIHAR-FLOOD*

બિહારમાં કોસી નદીમાં આવેલા પૂરને કારણે રાજ્યના 16 જિલ્લામાં ગંભીર રીતે પ્રભાવિત થયા છે. છેલ્લા 48 કલાકમાં સીમાંચલ અને રાજ્યના પૂર્વ ભાગોમાં સ્થિતિ વિકટ બની  છે. મધેપુરા અને સહરસા જિલ્લામાં અનેક ગામો જળમગ્ન થયા છે. કોસી, બાગમતી અને ગંડક સહિતની  નદીઓના જળસ્તરમાં  વધારો થઈ રહ્યો છે.રાજ્યના 12 લાખથી વધુ લોકો પુરથી  પ્રભાવિત થયા છે. સૌથી વધુ અસરગ્રસ્ત સીતામઢી અને દરભંગા જિલ્લામાં રાહત અને બચાવ કામગીરી માટે વિશેષ અધિકારીની નિમણુંક કરવામાં આવી છે .  ભારતીય વાયુસેના પણ  બચાવ કાર્યમાં મદદ કરી રહી છે.રાજ્યના  કૃષિ વિભાગે અધિકારીઓને એક સપ્તાહની અંદર સર્વે કરી પૂરને કારણે પાકને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા જણાવ્યું છે.

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *ICC WOMEN T20 WORLD CUP*

ICC મહિલા T20 વર્લ્ડ કપની નવમી આવૃત્તિ આવતીકાલથી UAEના શારજાહમાં શરૂ થવાની છે. ભારત તેની પ્રથમ મેચ ચોથી ઓક્ટોબરે ન્યુઝીલેન્ડ સામે રમશે. ત્રીજીથી 20મી ઓક્ટોબર વચ્ચે રમાનારી આ ટૂર્નામેન્ટમાં કુલ દસ ટીમો ભાગ લેશે.

ભારત ગ્રુપ Aમાં ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, પાકિસ્તાન અને શ્રીલંકા સાથે છે. ગ્રુપ બીમાં બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝનો સમાવેશ થાય છે. ભારતીય મહિલા ટીમ હજુ સુધી આઈસીસી ઈવેન્ટ જીતી શકી નથી અને હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ટીમ માટે આ ટ્રોફી જીતવાનો સોનેરી અવસર છે.

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *ELECTRIC VEHICLE- BOOST*

દેશમાં ઈલેક્ટ્રિક વાહન પ્રોત્સાહન મળતા ગત સપ્ટેમ્બર માસમાં કુલ EV રજિસ્ટ્રેશન 1.59 લાખ યુનિટ પર પહોંચી ગયું છે.

તે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં 1.29 લાખ યુનિટથી વધુ છે. સરકારના VAHAN ડેટા અનુસાર, EV રજિસ્ટ્રેશનમાં દર વર્ષે નોંધપાત્ર 23 ટકાનો વધારો જોવા મળ્યો છે.

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં, EV વોલ્યુમમાં ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 20 ટકાનો વધારો થયો છે. તમામ સેગમેન્ટમાં કુલ EV રજીસ્ટ્રેશન વધીને 8.93 લાખ યુનિટ થયું હતું જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 7.45 લાખ યુનિટ હતું.

દરમિયાન, સરકારે ગઈકાલે PM ઈલેક્ટ્રીક ડ્રાઈવ રિવોલ્યુશન ઇન ઈનોવેટીવ વ્હીકલ એન્હાન્સમેન્ટ (PM E-DRIVE) સ્કીમ લોન્ચ કરી હતી જેમાં બે વર્ષના સમયગાળામાં 10,900 કરોડનો નાણાકીય ખર્ચ છે.

ઉલ્લેખનીય છે કે દેશમાં ઇલેક્ટ્રિક મોબિલિટીને પ્રોત્સાહન આપવા માટે 11 સપ્ટેમ્બરના રોજ  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા PM-ડ્રાઇવ યોજનાને મંજૂરી આપવામાં આવી હતી.

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MAHA-HELICOPTER CRASH (EARLY)*

મહારાષ્ટ્રના પુણેના બાવધન વિસ્તારમાં એક હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાની માહિતી મળી છે. આ દુર્ઘટનામાં બે પાયલટ અને એક એન્જિનિયરનું ઘટનાસ્થળે જ મોત થયું હોવાનું જાણવા મળ્યું છે.

પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને પુણે મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીના ફાયર બ્રિગેડ દ્વારા બચાવ કામગીરી ચાલી રહી છે. પીએમસી અને પીએમઆરડીએ સત્તાવાળાઓ દ્વારા ચાર ફાયર ફાઈટિંગ વાહનો રવાના કરવામાં આવ્યા છે. અકસ્માત સ્થળે સરકારી એમ્બ્યુલન્સ પણ પહોંચી ગઈ છે

તા. 02-10-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MEXICO- PRESIDENT*

ક્લાઉડિયા શેનબૈમેએ મેક્સિકોના પ્રથમ મહિલા રાષ્ટ્રપ્રમુખ તરીકેના શપથ લીધા. તેણીએ અનેડ્રેસ મેન્યુલ લોપઝનું સ્થાન લીધું છે .

મેક્સિકો સૌથી વધુ સ્પેનિશ ભાષા બોલાતો દેશમાં સાયન્ટિસ્ટ માંથી રાજકારણીય બનેલા  62 વર્ષીય કલાઉડિયા આગામી 2030 સુધી મેક્સિકોની સુકાન સંભાળશે.

સુશ્રી શેનબુએ પોતાના સંબોધન જણાવ્યું કે મેક્સિકો આવવા માંગતી તમામ મહિલાઓ માટે તેઓ આ સત્તા પર આવ્યા છે તેણીએ મેક્સિકોને ઓઇલ ઉત્પાદનમાં 1.8 મિલિયન બેરલ લઈ જવાની પ્રતિબદ્ધતા દર્શાવી  હતી.

ગઈકાલે નવા નેતાની શપથ વિધિ સમયે તેમના સમર્થકો આ ઉજવણીમાં સહભાગી થવા ભેગા થયા હતા .